# કલમ કડછી બરછી

શિક્ષણ સેવા સંરક્ષણ

બરછી કાર્યાલય, C/o. ફાઈન આર્ટ પ્રિન્ટર્સ,
કોટેચાનગર મેઈન રોડ, કોટેચા ગર્લ્સ હાઈસ્કુલ બિલ્ડીંગ,
રાજકોટ-૧. ફોન : ૦૨૮૧-૨૪૫૩૦૬૩ મો.૯૪૨૮૭ ૦૦૧૦૫
Email : barchhi@rediffmail.com
Web : www.barchhi.com

એપ્રિલ–૨૦
અંક : ૯
વર્ષ : ઓગષ્ટથી જૂલાઇ
વર્ષ : ૫૬
• તંત્રી • વિરેન શાં. ઘોળકિયા
• લવાજમ • વાર્ષિક રૂા. ૨૦૦/–




રક્ષા કરો જગદંબા ભવાની...

નોંધ લેશો : ઓગષ્ટ મહિનાથી શરૂ થતાં બરછીના નવા વર્ષનાં લવાજમ મળી રહયાં છે, પરંતુ પોસ્ટલ ડીપા. કાર્યરત નહી હોવાથી હાર્ડ કોપી મોકલવી શક્ય નથી ત્યારે નવી વ્યવસ્થા/લવાજમના દર વ. અંગેની જાણ ટૂંક સમયમાં પ્રતિનિધીઓ તથા મેસેજ દ્વારા સૌને કરવામાં આવશે.– તંત્રી.

## સંભાળજે...(ગઝલ)

ખૂબ અહીં અજવાસ છે, સંભાળજે,
સૂર્યનો આભાસ છે, સંભાળજે
ભીની ભીની દેખાય છો ધરતી તને,
ઝાંઝવાં ચો પાસ છે, સંભાળજે.
આગિયા પર બહુ ભરોસો ના કરીશ,
ક્ષણજીવી ઉજાસ છે, સંભાળજે.
એક તણખો જિંદગી ભરખી જશે,
લાખિયો આવાસ છે, સંભાળજે.
શબ્દનો સંગાથ કૈં સહેલો નથી,
સાપનો સહવાસ છે, સંભાળજે.
છે ભલે નાજુક છતાં નિર્બળ નથી,
બહુ જ તીણું ઘાસ છે, સંભાળજે.
આમ તું બેફામ જે ખર્ચી રહ્યો,
એ ઉછીના શ્વાસ છે, સંભાળજે.

– આશ્લેષ ત્રિવેદી
મો. ૭૪૩૬૦૦૬૭૩૬

## ધોરણ-૧૦માં સમગ્ર ગુજરાત બોર્ડમાં પ્રથમ સ્થાન મેળવતાં કુ. સોહા ઢેબર



રાજકોટનાં શ્રીમતી ભૂમિકા ધીમંતભાઇ ઢેબરનાં પુત્રી કુ. સોહા ધીમંતભાઇ ઢેબરએ તાજેતરમાં ગુજરાત બોર્ડ દ્વારા લેવાયેલ એસ.એસ. સી.ની પરીક્ષામાં ૯૯.૯૯ પી.આર. તથા ૯૪.૫% સાથે સમગ્ર ગુજરાત બોર્ડમાં પ્રથમ સ્થાન સાથે ઉત્તીર્ણ થઈ જ્વલંત સફળતા મેળવી ઢેબર-ઘોળકિયા કુટુંબ સાથે સમગ્ર જ્ઞાતિને ગૌરવ બક્ષ્યું છે... અભિનંદન.

ચિ. સોહા શ્રીમતી રેખાબેન સુજ્ઞેશભાઇ ઢેબરનાં પૌત્રી અને રાજકોટનાં શ્રીમતી સુરેખાબેન અને ડો. કિરીટભાઇ ઘોળકિયાનાં દોહિત્રી થાય.

## શ્રીમતી શ્રેયા વસાવડા-ઓઝાની સિદ્ધિ

રાજકોટનાં શ્રીમતી શ્રેયા સૌમ્ય વસાવડા-ઓઝા લિખીત એમબીએ.ના અભ્યાસક્રમનાં ત્રણ પુસ્તકો મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સીસ્ટમ, બિઝનેસ એથિક્સ એન્ડ કોર્પોરેટ ગવર્નન્સ તથા મેનેજમેન્ટ ઓફ ઈન્ડસ્ટ્રીયલ રીલેશન્સ એન્ડ લેબર લો પ્રકાશિત થયાં. હાલમાં તેઓ 'રીસર્ચ મેથોડોલોજી' વિષયક ચોથા પુસ્તકનું લેખન કાર્ય કરી રહયાં છે. તાજેતરમાં શ્રેયાએ ભાવનગર સ્થિત જાપાન બેઇઝડ એકસલ ક્રોપ કેર કંપનીમાં 'ગેસ્ટ સ્પીકર' તરીકે વકતવ્ય આપી પોતાના જ્ઞાનનો લાભ આપ્યો. તેઓ નોઈડા દિલ્હી સ્થિત એમબીએ. નોલેજિયન જર્નલ ખાતે ઓડિટોરીયલ બોર્ડમાં રિવ્યુઅર તરીકે ફરજ બજાવી રહયાં છે. તેણીનાં ઘણાં રીસર્ચ પેપર્સ અને લેખ જર્નલ્સમાં પ્રકાશિત પણ થયાં છે. ગૌરવવંતી સિદ્ધિઓ બદલ શ્રીમતી શ્રેયાને અભિનંદન.

## શ્રી યોગદીપ દેસાઇએ પી.એચડી.ની પદવી મેળવી

અમદાવાદ ખાતે ISRO માં કાર્યરત શ્રી યોગદીપ દેસાઈએ ડો. નીલમ પંચાલના માર્ગદર્શન હેઠળ તૈયાર કરેલ Use of Total Quality Management Tool to Improve Radiometric Quality of Optical Remote Sensing Data Product વિષય ઉપરનો મહાનિબંધ અમદાવાદ સ્થિત રાઇ યુનિવર્સિટી દ્વારા માન્ય રાખી તેઓને પી.એચડી.ની પદવી એનાયત કરવામાં આવી. અભિનંદન.

## શ્રીમતી ભાવના બુચ સેવા સુરક્ષાની ઉત્કૃષ્ઠ કામગીરી બદલ સન્માનિત થયાં

અમદાવાદ સ્થિત શ્રીમતી ભાવનાબેન એમ. બુચને ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા પોલીસ આંતરીક સેવા સુરક્ષા મેડલ'થી સન્માનિત કરવામાં આવ્યાં. તેઓ ગુજરાત રાજ્યના ભૂતપુર્વ લોકાયુક્ત અને જજ શ્રી દિનેશભાઇ પી. બુચના ભત્રીજાવહુ અને ભૂતપુર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીના અંગત મદદનીશ શ્રી મૃણમય બુચના પત્ની થાય.

### કુ. હિમાદ્રી અંતાણી

જામનગર નિવાસી પ્રો.ભરત અંતાણી તથા પ્રો.હેમા અંતાણી ના પુત્રી કુ. હિમાદ્રી અંતાણી એ તાજેતરમાં પેસિફીક ઇન્સ્ટીટ્યુટ ઓફ મેડીકલ સાયન્સ, ઉદયપૂર ખાતે લેવાયેલ થર્ડ એમ.બી.બી.એસ. (પાર્ટ ૧) ની પરિક્ષામાં ૭૦% માર્કસ સાથે કોલેજમાં પ્રથમ પાંચ વિદ્યાર્થીમાં સ્થાન પ્રાપ્ત કરેલ છે. ચિ. હિમાદ્રી શ્રી ઉપેન્દ્રરાય ચુનીલાલ અંતાણી તથા શ્રીમતિ હેમાંગીનીબેન ઉપેન્દ્રરાય અંતાણી ના પૌત્રી થાય.

ઉજ્જવળ કારકીર્દી માટે ચિ. હિમાદ્રી ને ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

મો. નં. ૯૪૨૯૮૦૨૨૦૧



## રીશ્તા વહી સોચ નયી : લોકડાઉન દરમ્યાન અનેકવિધ આયોજન થયાં

૨૧મી સદીની ઓચિંતી અને અણધારી મહામારી 'કોરોના'થી જ્યારે સમગ્ર વિશ્વની પ્રજા ઘરમાં કેદ થઈ ત્યારે ઈશ્વરીય પરિવર્તનને અપનાવી-સ્વીકારી આપત્તિને અવસરમાં પરિવર્તિત કરી અનેક જ્ઞાતિ સંસ્થાઓ અને જ્ઞાતિજનો દ્વારા કેટલાંય ઓનલાઈન નવતર આયોજનો થયાં. જે દ્વારા જ્ઞાતિજનોને મનોરંજન સાથે તાણમુકત રહયાં. બાળકોએ ગાયન વાદન નૃત્ય કલાનો પરિચય કરાવ્યો, તો યુવાનોએ ટેકનોલોજીમાં કૌવત બતાવ્યું તો જ્ઞાતિના પ્રબુધ્ધજનોએ વેબિનાર, મુલાકાતો, વક્તવ્યો દ્વારા પોતપોતાના ક્ષેત્રની નિપૂણતા અને જ્ઞાનનો લાભ સમાજને આપ્યો.

હા, થોડા સમય પહેલાં વડીલ વર્ગએ શારિરીક અને માનસિક જહેમત ઉઠાવી દરેક સંસ્થાને પ્રાણવાન રાખવામાં મોટું યોગદાન આપ્યું છે. જે આજે યુવા વર્ગ અને ટેકનોસેવી પ્રૌઢ વય સુધીના બંધુઓ તે ભાર વહન કરી રહયા છે. જે ખુશીની બાબત છે આપણી જ્ઞાતિની આવી વિશેષતાઓને કારણે જ નાગર જ્ઞાતિને વિચારધારા કહેવાઇ હશેને ! આયોજકોની જહેમત અને જ્ઞાતિજનોના ઉત્સાહ બદલ બંને અભિનંદનના અધિકારી છે... વાંચો અહેવાલ..માફ કરજો પણ હમણા તો, તે પણ ઓનલાઈન!!

જૂનાગઢ : અત્રેની સંસ્થા શ્રી હાટકેશ ભ્રાતૃ મંડળ તરફથી દેશ વિદેશના નાગરો માટે એક અનોખી નિબંધ સ્પર્ધા 'લોક ડાઉનના મારા અનુભવો' યોજાય ગઈ. જેમાં દેશ પરદેશના ૧૩૮ સ્પર્ધકોએ ભાગ લઈ પોતાના અનુભવો અને વિચારો રજૂ કર્યા. જેમાંથી ત્રણ શ્રેષ્ઠ નિબંધ લેખકોને ઈનામોથી નવાજવામાં આવ્યા તેમાં સ્તુતિ ધોળકિયા-મુંબઈ પ્રથમ ઈનામ રૂા. ૧૫૦૦/- હાર્દ વોરા ગાંધીનગર-દ્વિતીય ઈનામ રૂા. ૧૦૦૦/- તથા જયતી બુચ રાજકોટએ તૃતીય ઈનામ રૂા. ૭૫૦/- જાહેર થયા. પોતાની કસાયેલી કલમ અને ગ્રહણશકિતથી ભૂતકાળની આપણી પરંપરાઓ,રીત રિવાજો, વાનગીઓનો સોશ્યલ મીડિયા દ્વારા સદા અગ્રેસર રહી લાભ આપી રહેલા અમદાવાદ સ્થિત શ્રી અનુપમભાઇ બુચે નિબંધ સ્પર્ધાના નિર્ણાયક તરીકે પોતાની સેવાઓ આપી હતી.

લઘુ નિબંધ સ્પર્ધાને મળેલા અપ્રતિમ પ્રતિસાદથી પ્રેરાઈને આ જ મંડળ દ્વારા ૩થી ૧૨ વર્ષના બાળકો માટે 'કોરોના સંદેશ' નામક સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં ૪૦ સેકન્ડની અવધિમાં બાળકોએ આજની પરિસ્થિતિને અનુરૂપ વીડિયો સંદેશ આપવાનો હતો...જેમાં ગુજરાત ઉપરાંત ન્યુઝીલેન્ડ, અમેરિકા, યુ.એ.ઇ. સહીતના દેશના કુલ ૯૭ બાળકોએ ભાગ લીધો હતો. જેમાં રાજકોટનાં ચિ. પ્રથા પ્રણવ બક્ષી રૂા. ૧૦૦૦/- પ્રથમ તથા માંગરોળના અર્થ હિતેશ અધ્વર્યુ દ્વિતીય રૂા. ૭૫૦/- વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંતઅન્ય સ્પર્ધકોને જ્ઞાતિજનો તરફથી આશ્વાસન ઈનામો પણ આપવામાં આવ્યાં. સ્પર્ધાના નિર્ણાયક તરીકે ઉદ્‌ઘોષક અને નાટય જગત સાથે સંકળાયેલા શ્રી ધૈવત જોષીપુરાએ પોતાની સેવા આપી હતી.

ઉપરોકત બંને સ્પર્ધાના મુખ્ય ઈનામો અમદાવાદ સ્થિત અગ્રણી ધારાશાસ્ત્રી શ્રી નિરૂપમભાઇ નાણાવટી તરફથી જાહેર કરવામાં આવ્યાં હતાં.

પ્રમુખ શ્રી અમિત બુચ અને તેમની કારોબારીના સાથી સભ્યો ધન્યવાદને પાત્ર છે

અહેવાલ : શ્રી મયુરભાઇ દેસાઈ,જૂનાગઢ

જૂનાગઢ : અત્રેના સમસ્ત નાગર વિદ્યોત્તેજક મંડળ વ્હોટસએપ ગ્રુપ દ્વારા 'હું માનવી માનવ થાઉં તો ઘણું : સાંપ્રત સમયમાં કેટલું પ્રસ્તુત અથવા આપણા નીતિમત્તા અને આદર્શના મૂલ્યો-નાગરિક ધર્મ' વિષય ઉપરની ઓનલાઈન નિબંધ સ્પર્ધા બે વિભાગોમાં યોજાય ગઈ. જેમાં ૯ વર્ષના બાળકથી ૮૯ વર્ષના વડીલે ઉત્સાહભેર ભાગ લીધો હતો. 'એ-વિભાગમાં શ્લોક વૈશ્નવ, યશ્વી નાણાવટી, જીનલ નાણાવટી જ્યારે વિભાગ-બીમાં ભૂપીન ત્રિપાઠી... દત્તા શુકલ/અર્પિતા ત્રિપાઠી... હીના મહેતા/તુલન વૈશ્નવ...વિજેતા જાહેર થયા હતા.

વડોદરા : પંડિત દિનદયાલ યુનિવર્સિટીમાં પી.એચડી.નો અભ્યાસ કરી રહેલ વડોદરાના હર્ષિલ દૈવજ્ઞ મહેતાએ લોકડાઉનમાં મળેલ સમયનો સદ્ઉપયોગ પોતાના જ્ઞાન અને જાણકારીની વૃદ્ધિ માટે કર્યો...તેમણે WHO, UNESCO, હોસ્પિટલો, શાળાઓ, ફાર્મા કંપનીઓ, કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર દ્વારા યોજાયેલ 'કોવિડ-૧૯'ના ઓનલાઈનના અનેક વેબિનાર્સ, કિવઝ, કોન્ટેસ્ટ, ટ્રેઈનીંગ પ્રોગ્રામ્સ, સ્પર્ધાઓમાં ભાગ લઈ સારા માર્કસ સાથે સફળતા મેળવી અને નામાંકિત સંસ્થાઓ દ્વારા ૧૦૦થી વધુ મૂલ્યવાન આર્ટિકલ્સ મેળવ્યા છે. તેઓ કોવિડ-૧૯નું વોટસએપ ગ્રુપ પણ ચલાવે છે. જેમાં દેશના પ્રબુધ્ધ નાગરિકો, ડોકટરો, ભારતીય સેનાના ઉચ્ચ અધિકારીઓ પણ જોડાયેલા છે. હર્ષિલ તેઓ પાસેથી તેમના વિચારો જાણી રહયા છે.

મુંબઈ : અત્રેના શ્રી વડનગરા નાગર મંડળ દ્વારા ૬થી ૧૬, ૧૭થી ૩૫, ૩૬થી ૫૦, ૫૧થી ૬૫ અને ૬૬ વર્ષથી ઉપરની વય જૂથમાં બાળવાર્તા લેખન સ્પર્ધાનું સરાહનીય આયોજન કરવામાં આવ્યું . (સૌના લાભાર્થે આ સ્પર્ધાના પ્રથમ ત્રણ વિજેતાઓની બાળવાર્તાને 'બરછી'માં સ્થાન આપવામાં આવશે..સંસ્થા કે વિજેતાઓને મોકલી આપવા વિ./ઇજન છે.-તંત્રી)

ભુજ : લોક ડાઉનના સમયને હળવાશમાં પલટાવવા અને પ્રત્યક્ષ મળી ન શકતા જ્ઞાતિબંધુઓ એકબીજા જોડાઇ ને પરોક્ષ રીતે સંપર્કમાં રહી શકે તેવા ઉદ્દેશથી ભુજ વડનગરા નાગર મંડળ દ્વારા હાઉસીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દેશ વિદેશના ૮૦૦ જેટલી વિશાળ સંખ્યામાં જ્ઞાતિબંધુઓ જોડાયા હતા. જેનું રસાળ શૈલીમાં સંચાલન શ્રી મલ્હાર બુચ દ્વારા કરવામાં આવ્યું હતું. જુદી જુદી કેટેગરીમાં રૂા. ૧૭ હજારના ઈનામો પણ જાહેર થયાં હતાં. આ આયોજનની વિશિષ્ટતા એ હતી કે હાઉસી સાથે ઘેર બેઠાં ભુજના સ્થાનિક કલાકારોનાં ગીત સંગીત સાંભળવાની તક મળી હતી. પ્રોજેકટ ચેરમેન તરીકે ભૌમિક અરૂણભાઇ વછરાજાનીએ તથા નિશાંત વોરાએ સોશ્યલ મીડિયાની કામગીરી સંભાળી હતી....આ ઉપરાંત સંસ્થા દ્વારા ૫ વર્ષના બાળકોથી બુઝર્ગ વય સુધી માટે ગાયન, વાદન, એકર્ટીંગ, નૃત્યકલા જેવી વિવિધ સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પણ દેશ વિદેશના કલા રસિકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

પોરબંદર : લોકડાઉનના સમયગાળામાં 'હાટકેશ હેલ્પલાઇન ઈન્ટરનેશનલ' દ્વારા ચેરમેન શ્રી તેજસ છાયા (મો. ૯૯૭૪૪૬૦૯૧૩) દ્વારા 'મારી જિંદગીનો યાદગાર પ્રસંગ' વિષય ઉપરની ૩ વિભાગોમાં ઓનલાઇન નિબંધ સ્પર્ધાનું આયોજન થઈ ગયું. જેમાં દેશ વિદેશના ૨૫૮ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં વય ૨૧-૪૦ના વિભાગમાં વાગીષા ભાર્ગવ વૈદ્ય-પોરબંદર-પ્રથમ સ્થાન, જય દિવ્યાંગ દિક્ષીત-સુરત- બીજું સ્થાન તથા તન્વી રોહન અંજારિયા-અમદાવાદ એ ત્રીજું સ્થાન મેળવ્યું હતું. વિભાગ-૨ વય ૪૧થી ૬૦માં ડો. અસિત ભટ્ટ- રાજકોટ -પ્રથમ, કલાપી ધોળકિયા-વડોદરા-બીજું તથા જૈનીબેન દેસાઈ-ત્રીજું સ્થાન મેળવ્યું હતું. વિભાગ-૩ વય ૬૧ ઉપરમાં મહેશકાન્તભાઇ વસાવડા(૮૨ વર્ષ)અમદાવાદ-પ્રથમ, ડો. રાજેન્દ્રભાઇ હાથી (૭૨ વર્ષ)- વડોદરા દ્વિતીય તથા જસમીનભાઇ દેસાઈ (૮૦ વર્ષ)રાજકોટએ તૃતીય સ્થાન મેળવ્યું હતું.

મુંબઈ : લોકડાઉનના સમયમાં મનને પ્રફુલ્લ અને તાણમુકત રાખવાના ઉદેશથી અત્રેના શ્રી અવિનાશભાઇ મહેતા(ABM Travels)દ્વારા દરરોજ સાંજે ઓનલાઈન સંગીત સંધ્યાનું આયોજન થયું, દેશ વિદેશ વસતાં સગા સંબંધીઓએ તેઓ દ્વારા દરરોજ આપવામાં આવતા સંગીતકારો,ફિલ્મો, કલાકારો વગેરે ઉપર આધારિત ફિલ્મી ગીતો, સુગમ સંગીત રજૂ કર્યાં.આરતી, શક્રાદય પણ ગવાયાં. એક દિવસ સૌએ પોતાના ઘેર ગરબે ઘૂમી, નૃત્ય ડાન્સ રજૂ કરી પરસ્પર મનોરંજીત કર્યા... સાથોસાથ કોઈના જન્મદિવસ, લગ્નતિથિ આવતાં તેને પણ યાદ કરી શુભેચ્છા પાઠવવામાં આવી હતી. જેની સાથે પોતાના જીવનના વિશેષ અનુભવો, ફોટા વીડિયો શેર કરી ભૂતકાળની યાદો તાજી કરી હતી. મ્યુઝીકલ હાઉસી માટે જાણીતા ગાંધીધામના શ્રી લય અંતાણીએ એક દિવસ તેમનો સમય ફાળવી સૌને મ્યુઝીકલ હાઉસી રમાડી આનંદીત કર્યા હતાં.

રાજકોટ : પ્રશાંત ભરતભાઇ માંકડ દ્વારા દરરોજ રાત્રે ૧૦ વાગ્યે વ્હોટસએપ દ્વારા ઓનલાઈન કવીઝનું આયોજન કરવામાં આવ્યું છે. દરેક વયજૂથના વર્ગને પસંદ પડે તેવા દરરોજ અલગ અલગ વિષયની ઘણી મહેનત લઈ તૈયાર કરેલ 'ઓબ્જેટીવ ટાઇપની રસપ્રદ કવીઝમાં ૩૦૦ થી વધુ બંધુઓ હર્ષભેર ભાગ લઈ રહયા છે. રસ ધરાવતા બંધુઓ તેમાં જોડાવા લિંક માટે તેમનો મો. નં. ૯૯૨૫૯૧૩૨૧૩ ઉપર સંપર્ક કરી જોડાઇ શકે છે.
અત્રેના દુર્ગેશ વૈશ્નવ, હિમાંશુ વૈદ્ય તથા જીતેશ ઓઝા દ્વારા મનરંજનના ઉદ્દેશથી હાઉસીનું આયોજન કરવામાં આવ્યું હતું. ભુજના શ્રી મલ્હાર બુચે અનેક વિષયને આવરી લઈ તૈયાર કરેલ આ રસપ્રદ હાઉસીનું આગવી શૈલીમાં સંચાલન પણ કર્યું હતું. જેમાં ૧૫૦ જેટલા બંધુઓ જોડાયા હતા. ઈનામો પણ આપવામાં આવ્યાં હતાં.
<u>જ્ઞાતિની વિદ્વતાની કદર થઈ :</u> (૧) અમદાવાદના જાણીતા હોમિયોપેથ ડો. પલ્લવ અનીલભાઇ દેસાઈએ 'ઝી ગુજરાતી ન્યુઝ ચેનલ' ઉપર કોરોનામાં ઉપચાર અને પ્રતિકાર કરવામાં હોમિયોપેથીની ઉપયોગિતા' વિશે માહિતીપ્રદ જાણકારી આપી, શ્રોતાઓના પ્રશ્નોના જવાબો આપ્યા હતા. ડો. પલ્લવભાઇએ પોતાના કે પરિવારના સ્વાસ્થ્યની પરવા કર્યા વગર કોવીડ-૧૯ મહામારીના જંગ લડવામાં તબીબી ક્ષેત્રે પોતાનું અનન્ય યોગદાન આપી માનવતા સાથે ઉત્તમ સમાજ સેવા બદલ ગુજરાતના અખબાર 'સ્ટ્રીટ ન્યુઝ' તરફથી 'વિશિષ્ટ સમાજ સેવા સન્માન પત્ર' એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા. ( ડો. દેસાઈ અને તેમના જેવા સૌ 'કોરોના વોરિયર્સ' સલામના હકદાર છે...ભવિષ્યમાં જ્ઞાતિ સંસ્થાઓ દ્વારા આવા કોરોના વોરિયર્સનું સન્માન કરવાનું સૂચન અસ્થાને નહીં ગણાય.-તંત્રી) (૨) રાજકોટના હોમિયોપેથ ડો. હિતાર્થ મહેતાએ પણ કોલેજ યુનિવર્સિટી દ્વારા યોજાયેલ વેબિનાર્સમાં ભાગ લઈ આ વિષયે વકતવ્ય આપ્યાં. (૩) રાજકોટના પ્રા. ડો. ભદ્રાયુ વછરાજાનીએ અનેક યુનિવર્સિટી સંસ્થાઓ આયોજિત વેબિનાર્સમાં આમંત્રિત વક્તા તરીકે ઉપસ્થિત રહી ઓનલાઈન શિક્ષણ સામે પડકારો જીવનશૈલીમાં આવનારાં પરિવર્તનો જેવા અનેક વિષયો ઉપર સચોટ અને વિદ્વતાપૂર્ણ વક્તવ્યો આપ્યાં. (૪) નિવૃત આઈએએસ. અધિકારી શ્રી પદ્મીનભાઇ બુચે પણ ન્યુઝ ચેનલો ઉપર મુલાકાતમાં આમંત્રિત નિષ્ણાત તરીકે ઉપસ્થિત રહી બેરોજગારી, કારીગરોની વતન તરફની દોડથી ભારતને આત્મનિર્ભર થવામાં પડનારી મુશ્કેલીઓ જેવા સાંપ્રત પ્રશ્નોની છણાવટ કરી તેના ઉપર મનનીય મંતવ્યો રજૂ કર્યા હતાં. (૫) શ્રી કચ્છ સૌરાષ્ટ્ર વ.ના. મંડળ દ્વારા કોરોનાના સમયમાં તબીબી માર્ગદર્શન માટેનો માર્ગદર્શન અને પ્રશ્નોત્તરી અંગેનો વેબિનાર યોજાય ગયો. જેનું સંચાલન શ્રી પદ્મીનભાઇ બુચે સંભાળ્યું જ્યારે જ્ઞાતિજનોના દરેક રોગ સામે સાવચેતી, નિદાન વગેરે બાબતે આવેલ પ્રશ્નોત્તરીનું સંચાલન ડો. પ્રજ્ઞેશ વછરાજાનીએ સંભાળી તેના તેઓ અને જ્ઞાતિના સિનિયર તબીબ ડો. ધ્રુવ સાહેબે સરળ શૈલીમાં જવાબ સાથે માર્ગદર્શન આપ્યું હતું.
<u>સ્તુત્ય અને સરાહનીય સેવા કાર્ય :</u> અમદાવાદ : અત્રેનાં શ્રી કચ્છ સૌરાષ્ટ્ર વડનગરા નાગર મંડળ દ્વારા સાંપ્રત પરિસ્થિતિમાં જરૂરિયાતમંદ જ્ઞાતિજનોને 'બંધુત્વ સેતુ' અંતર્ગત મદદરૂપ થવા અપીલના અનુસંધાને રૂા. અઢી લાખ જેવી રકમ મળી. જેમાંથી ૨૫ જેટલા બંધુઓને રાહત રકમ અને રેશન કીટ આપવામાં આવ્યાં છે અને આ કાર્ય આજે પણ ચાલુ જ છે.
જામનગર : શ્રી વડનગરા નાગર જ્ઞાતિ કાર્યવાહક સમિતિ દ્વારા કોવિડ-૧૯ની મહામારીમાં સહાયભૂત થવા કરવામાં આવેલ અપીલના અનુસંધાને જ્ઞાતિજનો તરફથી જબ્બર પ્રતિસાદ સાંપડયો અને રૂા. ૧૫૧૩૬૯ જેવી રકમ એકત્ર થઈ જેમાંથી રૂા. ૭૫૮૬૯ પ્રધાનમંત્રી રાહત કોષ ફંડમાં અને રૂા. ૭૫,૫૦૦/- મુખ્યમંત્રી રાહત કોષમાં મોકલી આપવામાં આવ્યા.
વલ્લભ વિદ્યાનગર : દેશ ઉપર આવી પડેલી અણધારી આફતમાં બાંધવોને સહાયભૂત થવા અત્રેના શ્રી હાટકેશ મિત્ર મંડળ એ સભ્યોના સહયોગથી પી.એમ. કેર્સ ફંડમાં રૂા. ૫૧૦૦૦/-નો ફાળો મોકલ્યો.

# સમાચાર સંચય :

વડોદરા : સિનિયર સીટીઝન રનર તરીકે અનેક મેડલો મેળવનાર ૮૨ વર્ષની વયે ચુસ્તી અને સ્ફૂર્તિ ધરાવતાં અત્રેનાં ડો ભગવતીબેન ઓઝાએ કોરોનાની લડતના જંગમાં સહભાગી થઈ વડાપ્રધાન રાહતનિધિમાં રૂા. ૫ લાખ અને મુખ્યમંત્રી રાહતનિધિમાં રૂા. ૨ લાખ જેવી માતબર રકમનો સૌને પ્રેરક ફાળો આપ્યો.તેઓની સંવેદના સાથેની માનવતાને વંદન.

અત્રેનાં શ્રીમતી હેતલ અને યશેષ દેસાઈનાં પુત્રી દેવાંશીને સૂર્યાસ્ત પછી જોઈ ન શકે તેવી આંખની બિમારીની તકલીફ છતાં આત્મવિશ્વાસ સાથે ધોરણ-૧૨ પરીક્ષામાં ૭૭ પી.આર. સાથે ઉત્તીર્ણ થઈ, આવી કોઈપણ શારિરીક ખોટ ધરાવતા સૌ માટે પ્રેરક સફળતા મેળવી છે. મકકમ મનોબળ ધરાવતી દેવાંશી અર્થશાસ્ત્ર વિષયમાં પી.એચડીની પદવી મેળવાની નેમ ધરાવે છે. અભિનંદન સહ મનોકામના પૂરી થાય તેવી શુભેચ્છા.

અમદાવાદ : અત્રેનાં વંદનાબેન વોરા વૈદ્ય લખી જણાવે છે કે અમે એક વર્ષથી રસોઈનું ગ્રુપ ચલાવીએ છીએ.. જેમાં ૨૯ વર્ષથી ૭૦ વર્ષ સુધીનાં બહેનો જોડાયેલાં છે...અને વડીલો પોતાના અનુભવ અને પરંપરાગત વાનગી બનાવતાં શીખવે અને નાની બહેનો આજની આધુનિક વાનગી શીખવે. સવારના નાસ્તા, બપોર રાતના ભોજનના ફોટા સજાવટના ફોટા તેમજ આરોગ્ય વિષયક ટિપ્સ, સાંજે શું બનાવવું તે ગૃહિણીના પ્રશ્નના જવાબ, ઉપરાંત સમયાંતરે હરિફાઈ પણ યોજાય...ઘણા બહેનો એકબીજાંને મળ્યાં પણ નથી હોતાં છતાં ટયૂનીંગથી એકબીજાં સંકળાયેલાં રહેવાય છે. અને નવું શીખવાનું જાણવાનું મળે છે. રસોઈ કલામાં રસ ધરાવતાં બહેનોએ વંદનાબેન વોરા-૯૪૨૭૭૮૨૦૦૧, રૂપાંગિનીબેન વૈશ્નવ- ૯૪૨૬૭૧૪૦૧૮ અથવા નૈયા ભટ્ટ-૯૮૨૫૨૪૦૩૧૬ નો સંપર્ક કરવો.

મહેસાણા : અત્રેના ડો. નિર્ભય પ્રવીણચંદ્ર દેસાઈએ ઈન્ડીયન સાયકલ કલબ મહેસાણા દ્વારા આયોજિત ઉધમપુરથી મહેસાણાના ઉતાર ચડાવવાળા રસ્તા ઉપરનો ૧૫૦૦ કિ.મી. વિકટનો સાયકલ પ્રવાસ માત્ર આઠ દિવસમાં સફળતાપૂર્વક પૂર્ણ કરી 'સુપર રેન્ડેનોર'નું બિરૂદ મેળવ્યું.. 'ફીટ ઈન્ડિયા'ના સંદેશ સાથેના આ સાયકલ પ્રવાસમાં બે મહિલાઓ સહીત કુલ સાત સાયકલિસ્ટોએ ભાગ લીધો હતો.

જામનગર : અત્રેની અ.ભા. નાગર પરિષદ શાખા દ્વારા સંસ્થાના પ્રમુખ શ્રીમતી ઉર્વશીબેન વૈશ્નવ તથા કારોબારી સભ્યોની જહેમતથી ૩૫૦ જેટલા સભ્યોને કોરોનાના બચાવ માટે 'માસ્ક'નું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. આ સ્તુત્ય કાર્યને સૌએ બિરદાવ્યું.

જૂનાગઢ : અત્રેના જ્ઞાતિજનોએ એક સારી દીશામાં પહેલ કરી કોઈના પણ નિધન બાદ બહારગામ કે વિદેશ વસતા સ્વજનો ન આવે ત્યાં સુધી મૃતદેહને સાચવવા એ.સી. કોફીન વસાવવાનું નકકી કર્યું છે. જેનો ખર્ચ રૂા. ૭૦,૦૦૦/- અંદાજવામાં આવ્યો છે. અત્રેનાં જાગૃતિબેન ખારોડ તરફથી રૂા. ૫૦૦૦/- આપવામાં આવ્યું છે. અન્યો તરફથી પણ મળ્યાં જ હશે. આ યજ્ઞ કાર્યમાં સહભાગી થવા જ્ઞાતિજનોને શ્રી ડી. સી. વૈશ્નવ-૯૪૦૮૨૩૫૦૩૨, ભાવાર્થ અવાશિયા -૯૪૨૯૨૧૫૪૨૫, કે ખમીર મજમુદાર-૯૮૨૫૦૨૭૧૫૧નો સંપર્ક કરવા વિનંતી છે.

રાજકોટ : અત્રેના ધૈર્ય પ્રજ્ઞેશભાઇ પટ્ટણીને વર્ષ ૨૦૧૯-૨૦ના ત્રીજા કવાર્ટરમાં શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ 'આધાર હાઉસીંગ ફાયનાન્સ કોર્પોરેશન દ્વારા 'આધાર સર્કલ ઓફ એકસલન્સ' ટ્રોફી એનાયત કરવામાં આવી. અભિનંદન.

## સગપણ સગાઈ :

- રાજકોટના શ્રીમતી લીનાબેન અને સંજીવભાઇ અશ્વિનભાઇ મંકોડીનાં પુત્રી આનલનું સગપણ જામનગરના રત્નદીપભાઇ શશીકાન્તભાઇ માંકડના પુત્ર અર્ચિત સાથે.
- રાજકોટના શ્રીમતી રક્ષાબેન અને ડો. બીમલભાઇ બુચના પુત્ર નિષાદનું સગપણ વાપી સ્થિત ધ્રુતિબેન અને સ્વ. મુકેશભાઇ અવાશીયાનાં પુત્રી ચાર્મી સાથે.
- અમદાવાદ સ્થિત શ્રી યોગદીપ પ્રવીણચંદ્ર દેસાઈ અને શ્રીમતી બીનાબેન દેસાઈનાં પુત્રી ખુશાલીનું સગપણ ગાંધીનગર સ્થિત દક્ષેશભાઇ અને શ્રીમતી લીનાબેન ત્રિવેદીના પુત્ર તીર્થ સાથે.

# સૌરાષ્ટ્રના બાપુ નાડકર્ણી ની અણધારી વિદાય!

**કિરીટભાઈ અંતાણી** ના ટુંકી માંદગી બાદ દુઃખદ અવસાન ના જ્યારે સમાચાર મળ્યા ત્યારે મન માન્યું નહિ! કેમકે, તેમની ફિટનેસ જ એવી લાજવાબ કે ૭૫ વર્ષની ઉંમરે પણ તેઓ બોલિંગ કરે તો પણ કોઈ યુવાન બેટ્સમેન પણ તેની વિકેટ ગુમાવી દે, કે પછી વોલીબોલ ની રમત માં તેમનો smash કોઈ કાચોપોચો ખેલાડી તો ઉપાડી જ ન શકે!!આવા ૭૫ વર્ષના સ્ફૂર્તિલા, તનઅને મનથી અત્યંત ફીટ એવા કિરીટભાઈ આમ અચાનક જ આ "જિંદગીનું મેદાન છોડી" અને" સ્વર્ગના પેવેલિયન" તરફ પ્રયાણ કરી ગયા તેનો અફસોસ ફક્ત તેમના પરિવારજનો કે અંગત સ્નેહી જનો, મિત્રો ને જ નહી પરંતુ ક્રિકેટ જાણતાં તમામ જ્ઞાતિજનો અને અન્ય ક્રિકેટ પ્રેમીઓ ને પણ ખૂબ જ છે! વિજય મર્ચન્ટ ના શબ્દોમાં કહીએ તો... He miss the bus by 25!!





તેઓ ખૂબ ક્રિકેટ રમ્યા! સ્કૂલ કક્ષાએ હિલ શિલ્ડ થી લઈ કુચ બિહાર ટ્રોફી, યુનિવર્સિટી કક્ષાએ અનેક સ્પર્ધાઓ અને છેલ્લે તેઓ રણજી ટ્રોફી માટે પણ પસંદ થઈ **"નાગર જ્ઞાતિ નું રત્ન"** બન્યા! ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં થી નિવૃત્ત થાય બાદ પણ તેઓ આ લોકડાઉન સુધી ક્રિકેટ રમ્યા..રવિવારે કિરીટભાઈ કોઈ ને કોઈ મેદાન પર હોય જ!રાજકોટ ની કોઈપણ ટેનિસ ટ્રોફી માં "અંતાણી સાહેબ" ની હાજરી હોય જ! તો વળી ક્યારેક વોલીબોલ પણ ખરું..સ્પોર્ટ્સ રમવું અને "સ્પોર્ટ્સ મેન" બનવું તેમાં બહુ મોટો તફાવત છે. કિરીટભાઈ સાથે જેઓ પણ સંપર્કમાં આવ્યા છે તેઓ તેમનો સ્પોર્ટીંગ, માયાળુ અને પરોપકારી સ્વભાવ ક્યારેય નહીં ભૂલે! **આપણે એક સ્પોર્ટ્સ મેન નથી ગુમાવ્યા પરંતુ એક ઉમદા વ્યક્તિત્વની પણ આ સમાજને આજે ખોટ પડી છે!**

૧૯૪૪માં રમણીકલાલ અંતાણીના પરિવારમાં રાજકોટ ખાતે જન્મેલ કિરીટભાઈ એ ચૌધરી હાઇસ્કુલ અને ધર્મેન્દ્રસિંહજી કૉલેજ માં અભ્યાસ કર્યો એ સમયે રણજી ટ્રોફીમાં પસંદ થવું એટલે જાણે ટેસ્ટ મેચમાં પસંદગી પામવી! ફક્ત અને ફક્ત તેમના ઓલરાઉન્ડર પર્ફોર્મન્સને કારણે તેમને **1965માં રણજી ટ્રોફી** માં પ્રવેશ મળ્યો અને આ લેફ્ટ આર્મ સ્પિનરે તેમની પહેલી જ ઓવરમાં મુંબઈના ધુરંધર ખેલાડી અશોક માંકડ ની વિકેટ લઇ તરખાટ મચાવી દીધો. તેમના **સુપુત્ર ધવલભાઇ** તેમની યાદોને તાજી કરીને કહે છે કે , "તેમનું બોલિંગ રન અપ ફક્ત બે કે ત્રણ જ સ્ટેપનું છતાં પણ તેમનો બોલ બેટ્સમેન તરફ એટલી ઝડપથી આવે કે જાણે મિડિયમ પેસર નો બોલ !જયપુરમાં રમાયેલી એક મેચમાં સારું બેટિંગ કરી સેટ થયેલ એક બેટ્સમેન તેમનો બોલ ચૂક્યા અને પેડ પહેર્યાં હોવા છતાં પણ બેટ્સમેનના પગની ઢાકણી તૂટી ગઈ અને બેટ્સમેનને પેવલિયન માં લાવવા સ્ટ્રેચર સહારો લેવો પડ્યો!"તો વળી તેમના સ્ટેટબેંકનાસહ કર્મચારી અને સાથી ખેલાડી શ્રી પિયુષભાઈ પારાશર્ય યાદ કરે છે કે મુંબઇ સામે રણજી ટ્રોફી મેચ માં તેમણે છેક આઠમા ક્રમે આવી ચાલીસ રન ફટકારી તેમની ઓલરાઉન્ડર કાબેલિયત નો પરચો ક્રિકેટ વિશ્વ ને આપ્યો હતો!

૧૯૬૫માં જ્યારે ઓસ્ટ્રેલિયાની કોલેજ ટીમ ભારતના પ્રવાસે આવેલ ત્યારે રાજકુમાર કોલેજની ઠાકોર સાહેબ ઇલેવન માં તેઓ નવાબ ઓફ પટૌડી,શત્રુશલ્યસિંહજી , જયસિંહા,બુદ્ધિ કુન્દરમ, સલીમ દુરાની વિ.જેવા દિગ્ગજ ખેલાડીઓ સાથે પસંદગી પામ્યા હતા! તેઓ ૭ રણજી ટ્રોફી મેચ રમ્યા પરંતુ તેમણે તેમની બોલિંગથી એવો પ્રભાવ પાડ્યો કે તેમની બોલિંગમાં રન લેવા ખુબજ મુશ્કેલ બનતા બનતા અને અને એટલે જ તેઓ **"સૌરાષ્ટ્રના બાપુ નાડકર્ણી"** કહેવાતા!

ટેનિસ ટ્રોફીમાં હું તેમની સાથે અને તેમની સામે ઘણી વખત રમ્યો. હું ઓપનિંગમાં આવતો હોવાથી કાયમ એવું ઈચ્છતો કે કિરીટભાઈ થોડી ઓવર્સ પછી બોલિંગમાં આવે તો સારું! ધવલભાઇ કહે છે કે તેમની સુવાસ એવી કે કેટલાય જાણ્યા - અજાણ્યા ક્રિકેટર, વોલીબોલ પ્લેયર, સિનિયર સિટીઝન ક્રિકેટ પ્રેમીઓ આજે તેમના જુદા જુદા પ્રસંગો યાદ કરી અને તેમને શ્રદ્ધાંજલિ આપે છે .કદાચ કિરીટભાઈ ના જીવનની આ જ સાચી મૂડી છે અને આપણે ઈચ્છીએ તેમના આવા ખેલદિલ,ઉમદા,સૌમ્ય,નિખાલસ અને આનંદી જીવનમાંથી આજની પેઢીના ખેલાડીઓ પ્રેરણા લે એજ તેમને સાચી અંજલિ આપેલી ગણાશે!

**કશ્યપ ધોળકીયા -રાજકોટ.**

## પ્રિયદર્શિની પબ્લિકેશન - આવતા બે અંક સંયુક્ત - હાસ્ય વિશેષાંક

કોરોના મહામારીને પગલે રાષ્ટ્રવ્યાપી લોકડાઉનને કારણે પ્રિયદર્શિનીના એપ્રિલ 2020ના ગ્રીષ્મ અંકના પ્રિંટીગનું કામ અટવાયું હતું....આ અંક થોડોક મોડો પણ પ્રસિદ્ધ થઇ રહ્યો છે તેનો આનંદ અને સંતોષ છે. આ અંક આપના હાથમાં આવશે ત્યારે વિષાદ અને રોગના ઘેરાં કાળાં વાદળ દૂર થયાં હશે એ આશા વિશ્વાસ છે..

લોકડાઉનને કારણે નિયમિત ચાલતી પ્રવૃત્તિઓમાં સ્વાભાવિક રુકાવટ અને વિલંબ થયો. ફરી સમય સાથે તાલ મિલાવવા આગામી બે અંકો, **જુલાઈ અને ઓક્ટોબર, સંયુક્ત** બહાર પાડવાનું નક્કી કર્યું છે. **જે ઓક્ટોબર 2020 માં પ્રસિદ્ધ થશે.**

વનવાસ કરતાં ય વધારે કપરા લાગતા ઘરવાસમાં તમે બધાંએ સર્જનાત્મક રમૂજો થકી જીવનને સહેજ હળવું બનાવ્યું જ હશે. તો હવે પછીના આશાભર્યા સમયને પણ અને **પ્રિયદર્શિનીના પાંચમા વર્ષના મંગલપ્રવેશને વધાવવો છે સ-રસ, સાત્વિક અને ઉચ્ચ કક્ષાના હાસ્યથી.**

**આગામી અંક '*હાસ્ય વિશેષાક*'**. ભૂતકાળમાં આ અંકને ઉત્સાહભર્યો પ્રતિસાદ મળ્યો જ હતો એટલે રમૂજની સિક્સર મારવામાં નાગરો અતુલ્ય છે એ કરી દો ફરી એકવાર પુરવાર. ભરપૂર હાસ્ય અને રમૂજથી ફોરમતી આપની મૌલિક અને અપ્રગટ કૃતિ કાર્યાલયના સરનામે મોકલી આપો.

પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આગામી અંક માટે અમે આપની હાસ્ય કૃતિઓ email અને whatsapp ના માધ્યમથી પણ સ્વીકારીશું....

તમે સૌ સુરક્ષિત રહો.....વિહરવા દો માત્ર તમારી કલમને કલ્પનાના આકાશમાં ....

સૌના સ્વાસ્થ્યની પ્રાર્થના સહ આપની હાસ્યરચનાઓની રાહ જોતા અમે સૌ.......

અન્ય નિયમો તો એ જ....

- આપની કૃતિઓ ફુલસ્કેપ કાગળમાં એક બાજુએ સુવાચ્ય અક્ષરે લખી/ટાઈપ કરી, પોસ્ટ, કુરિયર, EMAIL અથવા whatsapp દ્વારા 300-500 ની શબ્દમર્યાદામાં કાર્યાલયના સરનામે મોકલવી. કૃતિ મોકલવાની આખરી તારીખ 25.08.2020
- email અને WHATSAPP ના માધ્યમથી કૃતિ મોકલનાર સર્જકે પોતાની કૃતિ ટાઇપ કરીને મોકલવાની રહેશે. હસ્તલિખિત કૃતિનો ફોટો પાડીને મોકલી શકાશે નહિ.
- Email થી કૃતિ મોકલવા માટે : Email id: priyadarshinipub@gmail.com
- WHATSAPP થી કૃતિ મોકલવા / વધુ વિગતો માટે
- વિશાખા પોટા: +91 9820030733
- મૈત્રેયી યાજ્ઞિક: +91 9987743250
- ખેવના દેસાઈ: +91 9930628689

## પરિક્ષાના પરિણામ :

અગાઉ જાહેર કર્યા મુજબ હાલના સમયમાં ફોનથી અભિનંદન આપી શકાય, ખુશાલી વ્યકત કરી શકાય તે ઉદ્દેશથી સફળતા મેળવનાર વિદ્યાર્થીના નામ સાથે તેમના મોબાઈલ નંબર પ્રકાશિત કરવામાં આવેલ છે.

આપ પણ ધો.૧૦-૧૨ કે કોલેજ કક્ષાએ ઉત્તીર્ણ થનાર આપના સંતાનોના પરિણામ, લગ્ન વિષયક જાહેરાત તેમજ સમાચારો મો. નં. ૮૮૪૯૦૧૬૮૪૪ ઉપર વ્હોટસએપથી લખી મોકલી શકો છો. – તંત્રી.

<u>ધોરણ-૧૦</u>

| | | |
|---|---|---|
| ઉદીત તરલ ઓઝા | ૭૯% | અમદાવાદ-મો. ૯૮૨૪૨૦૦૮૪૮ |
| શ્લોક જ્યોત બુચ | ૬૪% | અમદાવાદ |
| જલશ્રી મનિષી અંજારીઆ | ૬૮% | અમદાવાદ – મો. ૯૯૨૫૩૬૧૧૭૪ |
| વંશીલ પુલકિત ઓઝા | ૮૮% | અમદાવાદ – મો. ૯૪૨૮૪ ૬૬૨૨૭ |
| વિધિ જીજ્ઞેશ વૈશ્નવ | ૮૯% | અમદાવાદ |
| આદિત્ય હિરેન ધોળકિયા- | ૮૨% | વડોદરા. |
| અંશ હિમાંશુ હાથી | ૮૪% | વડોદરા – મો. ૯૮૭૯૧૦૨૪૭૫ |
| અર્થ આલ્વીન વસાવડા | ૭૬% | વડોદરા |
| સાહિલ મયંક વૈદ્ય | ૮૧% | વડોદરા |
| ભુવન ચેતન ધોળકિયા | ૭૪% | વડોદરા |
| નેહિત શ્રમેન્દ્ર વસાવડા | ૮૩% | જૂનાગઢ |
| યશ અમિતભાઇ ઘોડા | ૭૮% | જૂનાગઢ – મો. ૯૮૭૯૪૩૩૮૮૮ |
| પર્વ હિરેન વસાવડા | ૮૦% | જામનગર |
| કર્તવ્ય ભરતભાઇ અંતાણી | ૮૯% | જામનગર-મો. ૯૪૨૬૨૨૨૪૫૯ |
| જયમીન બદ્રીશ વછરાજાની | ૭૮% | જામનગર |
| જય નવનીત વૈશ્નવ | ૭૬% | જામનગર |
| ખુશી નવનીત વૈશ્નવ | ૭૪% | જામનગર |
| ધૈર્યા નયન રીંડાણી | ૫૫% | જામનગર |
| મહીમ્ન કંદર્પ ધોળકિયા | ૭૪% | જામનગર |
| શ્રેય ઉર્વીશ બુચ | ૫૦% | જામનગર |
| હેત ભાવેશ અવાશીયા | ૭૪% | જામનગર |
| શ્રીજ શિતલ હાથી | ૮૨% | રાજકોટ-મો. ૯૯૯૮૯૭૧૮૨૧ |
| સ્તુતિ ચિંતનભાઇ દવે | ૭૫% | રાજકોટ -મો. ૮૧૬૦૦૯૫૧૦૧ |
| આભા નેહલ નાણાવટી | ૭૮% | રાજકોટ |
| નિર્ઝરી ઉત્પલ દેસાઈ | ૭૮% | ભાવનગર |
| ઉર્મિત અમિતભાઇ નાણાવટી | ૭૧% | ભાવનગર |
| શિવમ્ ભાવિન આચાર્ય | ૭૨% | ભાવનગર |


<u>ધોરણ – ૧૨</u>

| | | |
|---|---|---|
| ઈશાન નિમીત્ત મંકોડી | ૯૬.૫% | હૈદ્રાબાદ (તેલંગાના બોર્ડ) |
| ઈશાની ભાવેશ મંકોડી | ૭૩% | જામનગર. |
| નિરીક્ષા ભૂષણ ધોળકિયા | ૮૭% | રાજકોટ મો. ૯૭૧૨૬૭૫૦૮૦ |
| કૈરવી દીપક અંતાણી | ૭૭% | રાજકોટ મો. ૯૮૭૯૦૭૩૧૪૦ |
| હાર્દ હિતેષ ધોળકિયા | પ્રથમ વર્ગ | અમદાવાદ મો. ૮૭૮૦૮૨૦૬૪૬ |
| કાન્ચી અંકુર મજમુદાર | ૫૫% | અમદાવાદ મો. ૯૧૦૬૫૩૬૪૦૫ |
| હંસલ કૌશાંગ અંજારિયા | ૫૭% | અમદાવાદ. |
| નેહાંશ દેવાંગ માંકડ | ૮૬% | અમદાવાદ |
| વારિની તારકભાઇ જોષીપુરા | ૯૦% | વડોદરા |
| શ્રેયા નીલેશ વત્સરાજ | ૯૭ | જામનગર |
| તનય અમુલ દિવાન | ૯૭ | જામનગર |
| વિદિત પ્રેમલભાઇ વૈદ્ય | ૮૧ | જામનગર |
| ઝલ્લરી અમિતભાઇ નાણાવટી | ૮૫% | ભાવનગર |

<u>એમ.ટેક. (સી.ઇ.)</u>

| | | |
|---|---|---|
| કુ. કલગી જીતેશ ઓઝા | એ-ગ્રેડ | રાજકોટ. |

## અનંતના યાત્રીઓને શ્રદ્ધાસુમન :




ગાંધીનગર : શ્રી અંબરિષભાઇ ઓઝાનું ૮૩ વર્ષની વયે અવસાન થયું. તેઓ તથા તેમના પુત્ર સ્વ. તારકભાઇએ જ્ઞાતિસેવા સાથે બરછીને પણ પ્રતિનિધી તરીકે મૂલ્યવાન સેવાઓ આપી હતી. બરછી પરિવાર તરફથી શ્રદ્ધાસુમન.

અમદાવાદ : ભૂતકાળમાં રાજકોટના શ્રી નાગર મંડળ, સર્વમંગલ ટ્રસ્ટ જેવી જ્ઞાતિ સંસ્થાઓમાં સેવારત રહેલ, મિલનસાર, સરળ સ્વભાવના શ્રી જ્યોતિન્દ્રભાઇ નટવરલાલ ધોળકિયાનું દેહાવસાન થયું.

રાજકોટ : ભૂતપુર્વ રણજી ટ્રોફી ખેલાડી અને ત્યારબાદ અનેક રાષ્ટ્રીય તેમજ જ્ઞાતિની ક્રિકેટ ટુર્નામેન્ટસમાં અમ્પાયર તરીકે મૂલ્યવાન સેવાઓ આપનાર, સરળ ઉમદા સ્વભાવના કિરીટભાઇ રમણીકલાલ અંતાણીનું તા. ૨૪/૬ના રોજ દેહાવસાન થયું. (મો. ૯૩૨૭૪૯૦૯૯૦ પુત્ર ધવલ અંતાણી)
(શ્રી કશ્યપ ધોળકિયા આલેખિત જીવન ઝરમર-પાના નં. ૭ ઉપર)

દર્શન ગુણવંતરાય વૈદ્ય, ભારતીબેન મનોરંજનભાઇ કિકાણી, દક્ષાબેન પરાકુશરાય ત્રિવેદી, ભારતીબેન મનોરંજન ભાઇ કિકાણી. પૂર્ણાબેન નરેશભાઇ દેસાઈ, મૂળ રાજકોટના મૌલેશ જયકાંતભાઇ માંકડ-૬૨ વર્ષ, જયેશભાઇ જશવંતરાય દેસાઈ (ભૂતપુર્વ ઉપકુલપતિ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી) મો. ૮૮૪૯૯૫૧૩૫૫. રશેષ જદુલાલ ધોળકિયા, દિનેશભાઇ જનકરાય ઝાલા-૮૩ વર્ષ...વડોદરા : બંસરીબેન દિવ્યકાંત નાણાવટી, ચંદ્રકાંતભાઇ મણિલાલ માન્કર.


## વડનગરા નાગર અવસાન

જય હાટકેશ સાથ જણાવવાનું કે અમારા માતુશ્રી
**ચંદ્રીકાબેન બિપીનચંદ્ર ઢેબર**
નું તા. ૧૭-૪-૨૦૨૦ ના રોજ વડોદરા મુકામે દુઃખદ અવસાન થયેલ છે. હાલની પરિસ્થતિને કારણે પ્રાર્થના સભા રાખેલ નથી.

**જાહ્નવી ઢેબર**

| | |
|---|---|
| રાજુલ ઢેબર | પ્રીતિ ઢેબર |
| કલ્પેશ ઢેબર | ભૈરવી ઢેબર |
| યોગિની પટેલ | દિલીપ પટેલ |
| વિણા છાયા | કિરણ છાયા |
| હેલી | દર્શક |

નિવાસસ્થાનઃ ૨૦૪/બી, સપન ફલેટ્સ, ગોત્રી રોડ, વડોદરા.

ચંદ્રમાલિકાબેન બિપીનચંદ્ર ઢેબર - ૮૯ વર્ષ- મો. ૯૯૨૫૨૦૮૬૨૨ ➔

મુંબઈ : ગં. સ્વ. રંજનબેન દિનકરરાય ધોળકિયા, અશોકભાઇ રોમેશચંદ્ર વૈશ્નવ, પ્રશાંતભાઇ રોમેશચંદ્ર વૈશ્નવ-૬૫ વર્ષ., રેણુકાબેન સૂર્યવદન બુચ-૮૪ વર્ષ.ગં. સ્વ. સાવિત્રીબેન ગજેન્દ્રભાઇ બુચ- જૂનાગઢ : ભવેન્દ્રભાઇ રતિભાઇ માંકડ, બંસરીબેન ડી. નાણાવટી (ડો. ડી. ડી. નાણાવટીનાં પત્ની) ધીરેન્દ્રભાઇ દોલતરાય પંડયા-૮૩ વર્ષ, ભવેન્દ્રભાઇ આર. માંકડ-૭૪ વર્ષ. - જામનગર : જનાર્દન જનકપ્રસાદ બક્ષી, કમલેશભાઇ રમેશભાઇ બુચ. - ભુજ : તરૂણકાંતભાઇ કુંદનલાલ માંકડ-૮૪, જ્યોતિષભાઇ ઋષિકાંત વોરા-૭૫ વર્ષ
ભાવનગર : સુહાગિનીબેન કપીન્દ્રભાઇ મહેતા, અમેરિકા : જિગૃક્ષ દેવર્ષિભાઇ ત્રિવેદી-૩૯ વર્ષ

---



## બહેનોએ સોશ્યલ મિડીયામાં દેશભક્તિ રેલાવી

કોરોના સામેના યુધ્ધમાં મોખરાના સૈનિકો એવા ડોકટરો, પેરામેડીકલ સ્ટાફ, પોલીસ, હોમગાર્ડ સહિતના સેવાકર્મીઓને પ્રોત્સાહન મળે તેવું એક ગીત સોશ્યલ મિડીયામાં જામનગરના સોનલબેન નાણાવટી, હેલીબેન બુચ તેમજ હેતલબેન ચિરાગ બુચએ એક પણ વખત રૂબરૂ મળ્યા વિના કોરીયોગ્રાફ કરીને સોશ્યલ મીડીયામાં વહેતુ કર્યું છે. તેઓએ એ વતન મેરે વતન આબાદ રહે તું શબ્દો ધરાવતા ગીત પર દેશના અને જામનગરના કોરોનાના સૈનિકોને બિરદાવ્યા છે.

## 'વાચિકમ' : એક નવો પ્રયોગ

આ અંકમાં એક નવો પ્રયોગ કરી જે લેખકો અને કવિઓની મૌલિક કૃતિઓ અમને મળી હતી તે જે તે લેખક /કવિના પોતાના જ અવાજમાં અત્રે વીડિયો વર્ઝનમાં મૂકવામાં આવી છે..જેને નામ આપ્યું છે...'વાચિકમ'.

જે વિભાગ નીચે મુજબના ક્રમમાં અહીંથી જોવા સાંભળવા મળશે...

ક્રમ : (૧) રાજકોટના શ્રી અજય વૈદ્ય લિખિત અને પુત્રી આરોહી વૈદ્યના અવાજમાં મધર્સ ડેના અનુસંધાને 'મા' વિષેનો મૌલિક લેખ...

ક્રમ : (૨) અમદાવાદના કવિજીવ શ્રી આશ્લેષ ત્રિવેદી રચિત અને તેમના જ કંઠે ગઝલ : સંભાળજે (પાના ૧ ઉપરની)

ક્રમ : (૩) રાજકોટના મુ. શ્રી મનહરભાઇ વૈશ્નવ લિખિત કોરોના સંદર્ભમાં જીવનોપયોગી લેખ. તેમનાં પુત્રી કોમલબેનના અવાજમાં.

ક્રમ : (૪) વડોદરાના શ્રી ચિરંતન પટ્ટણી રચિત રચના 'કાચો ભક્ત હું' કરાઓકે સંગીત સાથે 'મારો હાથ ઝાલીને લઈ જશે' ના ઢાળમાં તેમના જ અવાજમાં.

ક્રમ : (૫) નવો વિભાગ 'ટેલેન્ટ ઓફ ધ મન્થ' જેમાં રાજકોટના ૧૨ વર્ષના સંગીતમાં ઉપાન્ત્ય વિશારદ ચિ. તસ્મૈ વિરલ વસાવડાનું તબલા વાદન સાંભળી શકશો.

પ્રથમ તો લેખકો કવિઓને સાથે આપેલ તેઓના મો. ઉપર આપના પ્રતિભાવ જણાવશો. તેમજ અમારા માટે પણ આ એક પ્રયોગ હોવાથી તે જોઈ સાંભળીને આપના તરફથી સુધારા વધારા અંગેના સૂચનો અને પ્રતિભાવ અમને મો. નં. ૮૮૪૯૦૧૬૮૪૪ ઉપર વ્હોટસએપ અથવા FB/ KKB GLOBLE NAGARS ગ્રુપમાંમાં લખી જણાવવા વિ. છે. જે અમારા માટે સૌ માટે ઉત્સાહવર્ધક અને પ્રોત્સાહક નીવડશે. જ્ઞાતિને શ્રેષ્ઠ આપવાની નેમ છે ત્યારે નામનાપાત્ર લેખકો કવિઓ તેમજ નવોદિતોને પોતાની રચના મોકલવા ઇજન છે. તેમજ વિશિષ્ઠ કલાધારકોને 'ટેલેન્ટ ઓફ ધ મન્થ'માટે પોતાની મૌલિક રચના વીડિયો વર્ઝનમાં ઇમેઇલથી મોકલવા પણ બરછી આવકારે છે. અંતમાં જ્ઞાતિ અને બરછીના લાભાર્થે અમારા તરફથી મોકલવામાં આવતા મેસેજ વ્હોટસએપ/એફબી.માં શેર કરવા વિ. છે. –તંત્રી


**ABM TRAVELS**

**CUSTOMISED HOLIDAY TOURS**

**DOMESTIC :**

Andaman/ Goa/ East India/ Himachal/ Kashmir/ Kerala/ Ladakh/ Lakshadweep/ Rajasthan/ North India/ North East India/ South India/ Uttarakhand/ Beach Resorts/ Hill Resorts/ Jungle Safari/ Religious Places.

**INTERNATIONAL:**

Bali/ Dubai/ Hong Kong/ Mauritius/ Maldives/ Nepal/ Singapore/ Sri Lanka/ Thailand and Any European - Western / Eastern- Countries.

**CRUISES:**

Angriya/ Costa / Jalesh/ MSC/ Star / Royal Caribbean.

**BOOKING OF INTERNATIONAL GROUP TOURS:**

NEEM HOLIDAYS/ SOTC/ THOMAS COOK/ STAR HOLIDAYS.

**AVINASH MEHTA**

**Mobile: 9820817318**

**Email: abmtravels@gmail.com**

આપના ઘર કે ઓફીસને કલરકામ કરાવી આકર્ષક રૂપરંગથી સજાવવા..

નવા તથા જૂના ઘરને...

- કલરકામ
- રીનોવેશન
- વોટરપ્રુફીંગ
- સ્પેશ્યલ કોટીંગ કલરથી

આકર્ષક અને ટકાઉ બનાવવા અમારો સંપર્ક કરશો..

- બજારભાવ કરતાં વ્યાજબી ભાવની ખાત્રી...

જયેશ વસાવડા – અમેરીકન કલર

મો. ૯૮૯૮૧૭૦૮૧૩/૯૦૬૭૪૯૩૧૧૭